# લુણાવાડામાં બાઈક પરથી પટકાતાં યુવતીનું મોત

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૪

લુણાવાડાની મલેકપુર ચોકડી નજીક બાઈક પરથી નીચે પટકાતાં ગંભીર રીતે ઘવાયેલી ૧૯ વર્ષીય પાયલબેન પટેલીયાનું અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત નીપજતાં અરેરાટી વ્યાપી ગઈ છે.

કડાણાના મઠ ડોડીયા (કડાણા) ના રહેવાસી અરવિંદભાઈ પટેલીયાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, ગત ૦૫મી ઓગષ્ટ, ૨૦૨૬ ના રોજ બપોરે તેમની ભત્રીજી પાયલબેન (ઉં.વ. ૧૯) ગામના જ રમેશભાઈ નાનાભાઈ પટેલીયાની બાઈક પાછળ બેસીને જઈ રહી હતી. તેઓ મલેકપુર ચોકડી પાસે પહોંચ્યા તે સમયે બાઈક ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવતા પાયલબેન રોડ પર પટકાયા હતા અને તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માત બાદ બાઈક ચાલક સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. જ્યારે ઈજાગ્રસ્ત પાયલબેનને પ્રથમ ૧૦૮ મારફતે મોડાસા અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં ૧૦મી ઓગષ્ટ,૨૦૨૬ ના રોજ વહેલી સવારે તેમનું કરુણ મોત નીપજ્યું હતું. આ અંગે બાઈક ચાલક રમેશભાઈ પટેલીયા સામે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.






































